કાનજીને કાગળ...

હવે તુંય સ્માર્ટફોન રાખતો થઈ ગયો હોઈશ પણ તું તો પાછો વીવીઆઈપી. તારો પર્સનલ નંબર અમ જેવાં પ્રજાજનો પાસે થોડો હોય. અમે તો તને દુવારકાના સરનામે કાગળ લખીએ બાપ.

તને ખબર હશે કે દેશમાં રામરાજય શરૂ થઈ ગયું છે. રામલલ્લાને એય મોટું તારા જગતમંદિરથીય મોટું મંદિર મળી જશે થોડા વખતમાં. તને તો વળી રાજપાટનો મોહ જ ક્યારે હતો ? નહીંતર મામા કંસને વધેરીને મથુરાની ગાદી પર ચઢી બેઠો હોત તો કોઈ થોડું ના પાડવાનું હતું ? તારે તો તારું ગોકુળ ભલું ને વનરાવન ભલું ! જો કે ભીની ભોમકા છોડ્યા પછી ફેરવારકી એની સામે નજર સરખી કરી એવો નિઃસ્પૃહી ! રોઈ રોઈને ગોપીઓની આંખે પડળ બાઝી ગયાં, કદંબ રોયા, ગાવલડી રોઈ, જમના જેવી જમના રોઈ - પણ પેલી રાધાની માયા મૂકીને મથુરા છોડી ગયો તે ગયો ! ન લીધી વાંસળી કે ન રાખી કામળી. બહુ સંદેશા મોકલ્યા ત્યારે દૂત તરીકે ઉદ્ધવને મોકલ્યો ! ગોપીઓને ઉદ્ધવ થોડો જોઈતો હતો, ગાંડિયા !

પણ તારે તો આખું મહાભારત જીતી આપવાનું હતું. એટલે જરાસંઘના આતંકનો ઓછાયો ન પહોંચે એટલે દૂર, અહીં અમારા ભલાંભોળાં મનેખ વચાળે આવીને વસી ગયો ! સોનાની નગરી બનાવી. ગુરુ સાંદીપનિના પુત્રનું હરણ કરી જનાર શંખ રાક્ષસને સંહાર્યો - શંખોદ્ધાર કર્યો ! સુદામાના તાંદળા ખાધા... અને પછી તો વાંસળીને બદલે પાંચજન્ય શંખ જ તારા મુખની શોભા બની રહ્યો. હા, ગોકુળનું મોરપીંછ તેં યાદગીરી રુપે છેક કુરુક્ષેત્રની રણભૂમિ સુધી જીવની જેમ સાચવ્યું ! તારે કંઈ ભાઈ-ભાઈનું લોહી થોડું વહેવડાવવું હતું ? તું તો છેલ્લે દુર્યોધન પાસે પાંચ ગામનો પ્રસ્તાવ લઈને ગયેલો, છતાં એનું મોત પોકારતું હોય ત્યાં તુંય શું કરે ? તારે ભરી સભામાં વિરાટ રુપ દેખાડવું પડ્યું. દુર્યોધનના પકવાન છોડીને વિદુરની ભાજી ખાધી. છેલ્લે યુદ્ધમાં જ કલ્યાણ વરતાયું ત્યારે પણ હથિયાર તો હાથમાં લીધું જ નહીં ! અર્જુનનું સારથિપણું સ્વીકાર્યું અને સ્વજનોને સામે ઊભેલા જોઈ ગીતાનો અમરબોધ આપી - તારું વિરાટ દર્શન કરાવી પાંડવોની જીત અને જેનાં ચીર પૂરેલાં એ દ્રૌપદીની જીદ પાકી કરી આપી ! પણ 'લ્યા કાના, ત્યારે તેં બહુ મોટા ઉપાડે વેણ આપેલું એ ભૂલી ગયો કે શું ? જગતમાં પાપ વધી જશે ત્યારે ફેરવારકો આવી જઈશ એમ કહેલું તે યાદ છે ? કોરોના રાક્ષસનો કાળો કેર ફરી વળ્યો છે, છતાં તારા પેટનું પાણી કેમ નથી હાલતું કહે જોઉં ? કે તુંય રાજકારણના રંગે રંગાઈ ગયો ?'

- ડો. કેશુભાઈ દેસાઈ

જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગર દ્વારા વોટસઅપ ક્વીઝ હાઉસીનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૧

શહેરની અગ્રણી સેવાકીય સંસ્થા જૈન સોશ્યલ ગ્રૂપ ગાંધીનગર દ્વારા ગ્રૂપનાં સભ્યો માટે એક સુંદર વોટસઅપ ક્વીઝ હાઉસીનું આયોજન ૯મી ઓગસ્ટ, ૨૦૨૦ કરવામાં આવ્યું.

સદર ઓન-લાઈન હાઉસીમાં ગ્રૂપનાં મોટી સંખ્યામાં દંપતિ સભ્યો જોડાયા હતાં. આ નવી પ્રકારની હાઉસીમાં સભ્યોને વોટસઅપ પર એક ક્વીઝ મોકલવામાં આવેલ. જેના જવાબમાં જે નંબર આવે તે મુજબ હાઉસીની રમત રમવાનું આયોજન કરવામાં આવેલ હતું. ઉપરોકત સ્પર્ધામાં વિવિધ કેટેગરીનાં કુલ ૮ થી પણ વધારે ઈનામો રાખવામાં આવેલ હતાં. જેમાં શ્રીમતી પૂર્વીબેન ગાંધી, સિતાંગભાઈ વોરા, ડો.દિપકભાઈ મહેતા, હિતેષભાઈ શાહ, શ્રીમતી આરતીબેન પંચમીયા, શ્રીમતી નીતાબેન શાહ, દિપકભાઈ શાહ, શ્રીમતી આરતીબેન સંઘાણી તથા શોધનભાઈ ગાંધી વિજેતા જાહેર થયા હતા.

આ રમત સ્પર્ધામાં સ્પેશયલ કપલ પ્રાઈસનું પણ આયોજન કરેલ જેમાં ડો. દિપકભાઈ મહેતા તથા ડો.ઉર્વીબેન મહેતા વિજેતા જાહેર થયેલ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગ્રૂપનાં પ્રમુખ મધુસુદન વોરા દ્વારા ભરતભાઈ કોટડીયા - સેક્રેટરીનો તથા આ પોગ્રામનાં ગેમ જોકી શ્રીમતી વીણાબેન વોરાનો ખાસ આભાર માન્યો હતો.

સહજાનંદ સ્કૂલ ઓફ ઍચિવર ચિલોડા દ્વારા ઓનલાઈન જન્માષ્ટમી ઉત્સવ ઉજવાયો

ચિલોડા, તા. ૧૧

સહજાનંદ સ્કૂલ ઓફ ઍચિવર ચિલોડા દ્વારા તા. ૧૦મી ઓગસ્ટે 'ઓનલાઈન જન્માષ્ટમી ઉત્સવ'ની ઉજવણી કરવામાં આવી. બાળકોને આ કોરોના મહામારીમાં ઘેર બેસીને પણ તેમનો વિકાસ અટકે નહિ અને તેમના રોજીંદા જીવનમાં કોઈ ફેરફાર થાય નહિ તેને લઈને અમારી સંસ્થા સતત પ્રયત્નશીલ રહે છે અને આ હેતુ થી તેમના અભ્યાસ ની સાથે સાથે મનોરંજન થી કાર્યશીલ રહે તેનું અમારી સંસ્થા સતત કામ કરતી રહે છે. આ કદાચ સૌપ્રથમ ઓનલાઈન ઉજવણી હશે. જેમાં બાળકો ઘેરબેઠા આ ઉજવણી માં અલગ-અલગ કાર્યક્રમોમાં ભાગ લીધો અને ઘરેથી જ સ્કૂલ તરફથી પ્રોત્સાહન અને તેમના વાલીઓ ના સાથ સહકારથી આ ઓનલાઈન ઉજવણી ખૂબ જ સફળ રહી.

આ ઓનલાઈન ઈવેન્ટમાં બાળકોએ અલગ-અલગ પ્રોગ્રામ જેવાકે કાનુડાના જન્મની ઉજવણી, મટકીફોડ, કોરોનાવાયરસ, માસ્ક, દૂધવાળો,રાધાકિશન રાસ અને ફેન્સી ડ્રેસ સ્પર્ધા વગેરે કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લીધો. આ ઓનલાઈન ઉજવણીમાં શાળાનો તમામ સ્ટાફ અને બાળકોના વાલીઓના સહકારથી ખુબ જ સરસ રીતે આનંદથી અને ઉલ્લાસ ભેર જન્માષ્ટમીની ઉજવણી થઇ.

આ ટેક્નોલોજીના યુગમાં વાલીઓ ને પણ ટેકનોલોજી ના ઉપયોગ કરવાનો મોકો મળ્યો હતો અને કાર્યક્રમ ના અંતમાં અમારા આચાર્યે આ ઓનલાઈન કાર્યક્રમ સફળ બનાવવા માટે સંસ્થાનો તમામ સ્ટાફ અને વાલીઓનો આભાર માન્યો હતો.

નર્સિંગ ટીચર્સ એસોસીએશન દ્વારા આજથી બાળકોના વિકાસ સિદ્ધાંતો પર વેબિનાર

ગાંધીનગર, તા. ૧૧

નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા (એનટીએઆઈ) ગુજરાત દ્વારા 'બાળકોના વિકાસ સિદ્ધાંતો' પર વેબિનાર શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે. રોગચાળાના અવરોધોને દૂર કરવા અને સમાજ અને આરોગ્ય કર્મચારીઓને અપડેટ કરવા શ્રેણીબદ્ધ વેબિનારો સાથે વર્ચુઅલ લર્નિંગ જાળવવા એનટીએઆઈએ એક મજબૂત પહેલ કરી છે. ઉદ્ઘાટન સત્ર દ્વારા વેબિનાર શ્રેણી નું આયોજન કરવામાં આવ્યું છે. ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા; સત્રના. ઉદ્ઘાટક તરીકે ગુજરાત નર્સિંગ કાઉન્સિલ અને આઈએનસી સભ્ય મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. પ્રાસંગિક પ્રવચન માટે ગુજરાત નર્સિંગ કાઉન્સિલના રજિસ્ટ્રાર ડો. પ્રજ્ઞા બેન ડાભી, મુખ્યઅતિથિ અને રિસોર્સ પર્સન તરીકે ઉપસ્થિત રહેશે. વર્ચ્યુઅલ સિરીઝ ૧૦૦૦ સહભાગીઓ

માટે ઝૂમ પ્લેટફોર્મ પર યોજાશે અને તે પણ આખું સત્ર લાઈવ સ્ટ્રીમ કરવામાં આવશે.

બાળ ચિકિત્સા નર્સિંગના ક્ષેત્રમાં છ નિષ્ણાંત વક્તાઓએ સંસાધન બનવાની સંમતિ આપી છે અને બાળપણના વિવિધ વિકાસ સિદ્ધાંતો પર આ પ્રસંગે બોલશે. વિશ્વભરના નર્સિંગ વિદ્યાર્થીઓ માટે ઈવેન્ટનું આયોજન કરવા માટે એનટીએઆઈ ગુજરાત શાખા ખૂબ ગર્વ અનુભવશે. હમણાં સુધી ૨૦૦૦ જેટલા સહભાગીઓએ સત્રમાં ભાગ લેવા નોંધણી કરાવી છે. સત્રની શંકાઓને દૂર કરવા છ મધ્યસ્થી અસરકારક રીતે સત્રની કાર્યવાહી કરશે. નર્સિંગ સમુદાય માટે વેબિનાર શ્રેણીમાં ભાગ લેવા અને મહત્તમ લાભો મેળવવાની તે શ્રેષ્ઠ તક હશે. નર્સિંગ ટીચર્સ એસોસિએશન ઈન્ડિયા ગુજરાત શાખા, સહજાનંદ કોલેજ ઓફ નર્સિંગ, ઝુંડાલ, ગાંધીનગર અને ક્રિસ્ટ કોલેજ ઓફ નર્સિંગ, રાજકોટના સહયોગથી વર્ચુઅલ કોન્ફરન્સની સુવ્યવસ્થિત કામગીરી માટે તેમનો સહયોગ રહેશે. હિમાંશુ ત્રિવેદીના સક્ષમ નેતૃત્વ હેઠળ રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી ફારૂખ ખાન અને ગુજરાતની ટીમ વર્ચુઅલ વેબિનાર શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું. અમે તમામ આરોગ્ય કર્મચારીઓ અને નર્સિંગ સમુદાયને વેબિનાર શ્રેણીમાંથી મહત્તમ લાભ મેળવવા વિનંતી કરીએ છીએ.

જન્મદિને વધામણી

ધિગેશ વિનોદ જોષી
મો. ૯૯૧૩૮ ૮૨૫૦૯

શાસ્ત્રી શ્રી હરિપ્રકાશદાસ
સ્વામિનારાયણ ગુરુકુલ, સે. ૨૨/૨૩

યશરાજ ધર્મેન્દ્ર કાપડીયા
મો. ૯૪૨૭૦ ૦૮૩૫૭

સુરજ મુંજાણી

કિશા પંકજકુમાર શ્રીમાળી
મો. ૭૦૪૩૦ ૩૫૧૦૫

રેખા રાવલ
મો. ૯૬૦૧૨ ૫૬૫૩૮

હેમંત સિંહ ગોહિલ
મો. ૭૦૯૬૨ ૩૬૧૫૪

લીરલબા વાઘેલા
સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ
મો. ૭૦૪૬૭ ૦૧૫૦૯

૧૩/૦૮/૨૦૨૦ (જન્મ દિવસ)

મંથન ભટ્ટ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ

સૂર્યકાન્ત બારોટ
કાર્યકારી પ્રમુખ, પેન્શનર સમાજ
મો. : ૯૯૧૩૩ ૭૭૩૬૧

બરખા જહા

જય પવાર
મો. ૯૪૦૮૦ ૨૬૫૧૬

કોવિડથી સુરક્ષિત લગ્ન સ્થળ : નારાયણી હાઈટ્સ

કોરોના જેવી વૈશ્વિક મહામારી વચ્ચે કોઈપણ કૌટુંબિક તેમજ સામાજિક પ્રસંગ રાખવો

એક પડકાર સમાન છે. પરંતું આ પડકારને નારાયણી હોટલ એન્ડ રીસોર્ટ્સ લિ. દ્વારા એક ચેલેન્જ રૂપે સ્વીકારવામાં આવ્યું છે અને તે માટે જરૂરી તમામ પગલાંઓ ભરતા દરેક પ્રકારની સાવચેતી રાખવામાં આવી છે અને એવી વ્યવસ્થા કરવામાં આવી છે, જેનાથી કૌટુંબિક-સામાજિક પ્રસંગ સુરક્ષિત રીતે ઊજવી શકાય.

આ રીતે નારાયણી હાઈટ્સ, એરપોર્ટ-ગાંધીનગર રોડ દ્વારા પોતાના માનવંતા મહેમાનો, આયોજકો અને અને હોટલ/રીસોર્ટમાં કામ કરતાં કર્મચારીઓ, દરેક માટે વિશેષ સુરક્ષા વ્યવસ્થાઓ રાખવામાં આવી છે તે સાથે જ કોરોના નિવારક તમામ આવશ્યક બાબતોનું પાલન કરવામાં આવી રહ્યું છે. હોટલમાં સેવા આપતી કર્મચારીઓની ટીમને સલામતી અંગેના તમામ ધોરણો વ્યવસ્થિત અનુસરવાની તાલીમ આપવામાં આવેલ છે. જેથી નારાયણી હાઈટ્સમાં આવતા માનવંતા મહેમાન તેમજ આયોજક દ્વારા યોજવામાં આવેલ કોઈપણ લગ્નપ્રસંગ કે અન્ય કૌટુંબિક કે સામાજિક આયોજન આનંદપૂર્વક અને સલામત રીતે ઉજવાઈ શકે. આમ નારાયણી હાઈટ્સ દ્વારા લેવાયેલ તમામ પગલાંઓ ખૂબ જ સરાહનીય છે.

નારાયણી હાઈટ્સ દ્વારા કોવિડ-૧૯ સામે આવા આયોજન સમયે રાખવામાં આવેલ વ્યવસ્થાઓ અંતર્ગત,

- તમામ મહેમાનોની ગાડીઓનું અન્ડર મિરર ચેકીંગ થાય છે.
- તે ઉપરાંત દરેક મહેમાનનું થર્મલ સ્ક્રીનીંગ કરવામાં આવે છે તથા હેન્ડ્સ ફ્રી સેનેટાઈઝર ડિસ્પેન્સર મૂકવામાં આવેલ છે, જેનાથી દરેક પોતાના હાથને સેનેટાઈઝ કરીને જ હોટલમાં અંદર પ્રવેશ કરે.
- સરકારી નિયમો અનુસાર લગ્નપ્રસંગ માટે ૫૦ મહેમાનોની જાહેર કરેલ મર્યાદા મુજબ સંખ્યાનું પાલન વ્યવસ્થિત રીતે કરવામાં આવે છે.
- દરેક કાર્યક્રમમાં સામાજિક અંતર બની રહે તેનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.
- કાર્યક્રમમાં ગ્રાહક તેમજ મહેમાનોની ભોજન-વ્યવસ્થામાં સલામતીના દરેક નિયમોનું પાલન કરવામાં આવે છે. ભોજનની દરેક વસ્તુને સ્વચ્છતાથી (હાઈજેનિકલી) બનાવવામાં આવે છે અને સર્વિસ કાઉન્ટર્સ ઉપર પણ સફાઈ અને સલામતી રાખવામાં આવે છે.
- હોટલમાં રોકાવા આવનાર માનવંતા ગ્રાહક તેમજ હોટલમાં રાખેલ આયોજનમાં હાજરી આપવા આવેલ મહેમાનોએ હોટલના પ્રવેશ દ્વાર પર રાખવામાં આવેલ ડિસઈન્ફેક્શન ટનલમાંથી પ્રવેશ લેવાનો હોય છે, અને સાથે સાથે તેમનાં સામાનને પણ સેનેટાઈઝ કરવામાં આવે છે.
- સરકારશ્રીના આદેશ મુજબ દરેક આવનાર મહેમાને આરોગ્ય સેતુ એપ્લીકેશન ડાઉનલોડ કરી છે કે નહીં તે ચકાસવામાં આવે છે.
- હોટલમાં રહેવા / ઉતરવા માટે આવેલ મહેમાનોનું રજીસ્ટ્રેશન કરતી વખતે તેઓ પાસેથી તેમણે કરેલ મુસાફરી

માટેનું સેલ્ફ ડેક્લેરેશન ફોર્મ ભરાવવામાં આવે છે.

- આ સિવાય હોટલના દરેક રૂમમાં સાફસફાઈ માટે જનાર દરેક કર્મચારી પી.પી.ઈ. કિટ પહેરીને જ સાફસફાઈ કરે છે. હોટલમાં જ્યાં પણ હોટલના કર્મચારી સેવા આપવા નિયુક્ત રહે છે તેઓ તમામ મહામારીને ધ્યાનમાં રાખતા સામજિક અંતર જાળવે છે તેમજ માસ્ક, ગ્લોવ્ઝ, સેનેટાઈઝર અને પી.પી.ઈ. કિટ વગેરેનું ઉપયોગ કરે કરાવે છે.

આયોજકો ને તેમના શુભપ્રસંગે અમારે ત્યાં વિશેષ લાભ મળે તે હેતુથી એક ખાસ ઈકોનોમી પૈકેજ બનાવવામાં આવ્યું છે. જે મુજબ માત્ર ૧.૫૦ લાખ રુપિયામાં આયોજન સ્થળ, ડેકોરેશન અને ભોજન (૫૦ વ્યક્તિ)નો સમાવેશ થાય છે.

નારાયણી હાઈટ્સ (હોટલ તથા રિસોર્ટ) આ રીતે અમદાવાદ તથા ગાંધીનગર વિસ્તારમાં સ્વાસ્થ્ય અને સુરક્ષાની દૃષ્ટિએ સગાઈ, લગ્ન, રિસેપ્શન અથવા કોઈપણ પ્રકારના અન્ય કૌટુંબિક-સામાજિક કાર્યક્રમનું આયોજન કરવા-કરાવવા માટે એક ખૂબ જ ઉત્તમ તેમજ સુવ્યવસ્થિત, સુસજ્જ અને સુંદર સ્થળ છે.

આમલીના વૃક્ષ પર હોવો જોઈએ વાસ એનો તે છતાં, ભૂત પણ ગાંધીનગરમાં ફ્લેટ રાખીને વસે તો શું થશે?

ગાંધીનગર, તા. ૧૧

ઓનલાઈન કાવ્ય મહેફિલમાં ગીત, ગઝલ સાથે હાસ્યની વાત થાય, 'તો પણ ગમે..!' એવી અનોખી કાવ્ય મહેફિલ રવિવારે ગાંધીનગર સાહિત્યસભા દ્વારા યોજાઈ ગઈ. ગાંધીનગર સાહિત્યસભા દ્વારા છેલ્લા ૨૩ વર્ષથી એમની બેઠક દર મહિનાના બીજા રવિવારે અચુક મળે છે. કોરોના વૈશ્વિક મહામારીને કારણે અત્યારે સાહિત્યસભા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરીને પણ એમની મહેફિલ સજાવી શકી છે. આ વખતે '... તો પણ ગમે..! શિર્ષક હેઠળ સાહિત્યસભાની ઓગસ્ટ મહિનાની બેઠક અધ્યક્ષ સંજય થોરાતના અધ્યક્ષ સ્થાને આયોજિત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત માયા ચૌહાણની સુમધુર અવાજમાં ગયેલી પ્રાર્થનાથી થઈ હતી. ગાંધીનગર સાહિત્યસભાના અધ્યક્ષ સંજય થોરાતે આમંત્રિત કવિ શ્રી રમેશ પટેલ 'ક્ષ' અને સૌ સાહિત્ય પ્રેમીઓનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

જાણીતા વાર્તાકાર અને સાહિત્યસભાના ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ દ્વારા કવિ શ્રી રમેશ પટેલ 'ક્ષ' નો વિગતવાર પરિચય આપવામાં આવ્યો હતો. કવિ શ્રી રમેશ પટેલે એમની અનેક રચનાઓ પ્રસ્તુત કરી હતી. એમની ગીત ગઝલ સાથે હાસ્ય રચના સૌ સાહિત્ય પ્રેમીઓને અત્યંત પસંદ આવી હતી. એમની ૧૧૧૧ શેરની પ્રલંબ ગઝલના

ચુનંદા શેર પ્રસ્તુત કર્યા હતા.

છે ફકીરી એ જ ઈજ્જત છે હવે,
જીવવાની એ જ લિજ્જત છે હવે!

જેવી અનેક રચનાઓ અને એમાં પણ શિર્ષક હઝલ સૌને પસંદ પડી હતી. એમણે પબ્લિક ડિમાન્ડ પર મુકેશના અવાજમાં ગીત પણ સંભળાવ્યું હતું. ઝૂમ એપ્લિકેશન પર આયોજિત આ મહેફિલનું સંચાલન જાણીતા વાર્તાકાર કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સાહિત્યસભાની આ મહેફિલમાં કવિ કિશોર જિકાદરા, રમણભાઈ વાઘેલા, અનંત પટેલ, રણછોડભાઈ પરમાર, કનુયોગી, કિરિટ ત્રિવેદી, પારૂલ મહેતા, ઉષા તટ્ટુ, અલ્કેશ પંડયા, અશોક ત્રિવેદી, ડો. પ્રવિણ વાટલિયા, સંકેત ગોર, ચિરાગ જોષી, દર્શન પુરાણી સહિત ૬૦ થઈ વધુ સાહિત્ય પ્રેમીઓ હાજર રહ્યાં હતાં. કાર્યક્રમની આભાર વિધિ અજય રાવલ દ્વારા કરવામાં આવી હતી. '... તો પણ ગમે..!' કાવ્ય મહેફિલ સૌને ગમી ગઈ હતી.